## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



નવરાત્રીમાં લાઉડ સ્પીકર નહી વગાડવાના, જન્માષ્ટમીએ ગોવિંદા નહીં જુગાર નહીં, દિવાળીએ ફટાકડા નહીં... તો અલ્યા આપણે બધા તહેવાર દારૂ પીને જ ઊજવવાના...?!

### આમ આદમી પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર

# એક મોકો 'આપ'ને, પછી જુઓ ગુજરાતને..!

## દિલ્હીમાં કેજરીવાલે કરી બતાવ્યુ એ જ ગુજરાતમાં કરવાનો ચૂંટણી ઢંઢેરામાં ઉલ્લેખ

ગાંધીનગર, તા. ૧૫

આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો ઢંઢેરો જાહેર કરી દેવામાં આવ્યો છે. ચૂંટણી ઢંઢેરામાં દિલ્હીમાં કેજરીવાલે શિક્ષણ, આરોગ્ય, વિજળી અને કૃષિક્ષેત્રે જે અદ્‌ભુત કાર્યો કર્યા તે ગુજરાતમાં કરી બતાવવાનો ઉલ્લેખ કરી સુત્ર આપ્યુ છે કે ''એક મોકો 'આપ'ને, પછી જુઓ ગુજરાતને...''

શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ખાનગીકરણ ઉપર અંકુશ મુકવો, સરકારી શાળાઓ ખાનગી શાળાઓથી પણ ચઢિયાતી બને, ખાનગી શાળાઓની ફી પર અંકુશ મુકાય, દરેક વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સર્વ સુવિધાયુક્ત તેમજ નિઃશુલ્ક તબીબી સારવાર, દવાઓ તેમજ મેડિકલ રીપોર્ટની સુવિધાઓ ધરાવતુ મહોલ્લા ક્લીનીક હોય, જો સરકારી હોસ્પિટલમાં કોઈ બેડ ખાલી ન હોય તો કોઈ કાનગી હોસ્પિટલમાં પણ નિઃશુલ્ક ઓપરેશન તેમજ અન્ય સારવાર સરકાર મારફતે પ્રાપ્ત કરાવાય, વીજળીના ૪૦૦ યુનિટ દીઠ રૂ. ૨૭૦૦ને બદલે ૧૩૯૦ ભરવાના રહે, મેડીકલ કે એન્જીનીયરીંગ જેવા વ્યવસાયિક અભ્યાસક્રમો માટે રૂ. ૧૦ લાખ જેટલી શૈક્ષણિક લોન વિના કોઈ બાહેંધરીએ મળે, ખેડૂતોના પાક નિષ્ફળ જાય તો હેક્ટર દીઠ રૂ. ૫૦ હજારનું વળતર મળે અને ખેડૂતે આત્મહત્યા ન કરવી, કૃષિ વીજળીના બાકી રહી ગયેલા જોડાણો પુરા પાડીને સરળ ભાવે સિંચાઈ માટે વીજળી મળી રહે, ભ્રષ્ટાચારની નાબુદી માટે જનલોકપાલનો કાયદો આવે, લઘુત્તમ મજુરીનો દર રૂ. ૭૧૭૮થી વધીને રૂ. ૧૩,૩૫૦ બને, દેશ માટે શહીદ થયેલા જવાનોના પરિવારને રૂ. ૪ લાખને બદલે રૂ. ૧ કરોડનું વળતર મળે, ઘરવિહોણા પરિવારોને ઘર મળી રહે અને ઈન્સ્પેક્ટર રેડ-રાજને ખતમ કરીને વેપારીઓને ગેરકાનુની ઉઘરાણીની મુશ્કેલીમાંથી મુક્તિ મળે..! સહિતના વિવિધ મુદ્દાઓને લઈને દિલ્હીની માફક ગુજરાતમાં પણ ઉપરોક્ત સુવિધાઓ ઉભી કરવાના ચૂંટણી ઢંઢેરાની આમ આદમી પાર્ટી દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

## ગુજરાત એસ.ટી.ની નવી ૪૦ બસોને ફ્લેગ ઓફ અપાશે

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સોમવાર ૧૬ ઓક્ટોબર-૨૦૧૭ના રોજ અમદાવાદ મહાપાલિકા અને ઔડા વિસ્તારમાં રૂ. ૭૭૫ કરોડના વિવિધ વિકાસકામોના લોકાર્પણ-ભૂમિપૂજન કામોની ભેટ જનતાને ચરણે ધરશે. વિજયભાઈ રૂપાણી આ અવસરે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમની નવી ૪૦ બસને ફ્લેગ ઓફ પણ કરાવવાના છે.

મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને મંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતીમાં યોજાનારા આ કાર્યક્રમમાં અમદાવાદ મહાપાલિકાના રૂ. ૧૫૫ કરોડના લોકાર્પણ કામો તેમજ રૂ. ૪૩૯ કરોડના ભૂમિપૂજન અને ઔડા વિસ્તારના રૂ. ૧૮૧.૩૩ કરોડના કાર્યોના ભૂમિપૂજન કરવાના છે.

નિકોલના શહીદ વીર મંગલપાંડે ઓડિટોરિયમ ખાતે સોમવારે સવારે ૮-૩૦ કલાકે આ વિકાસ ઉત્સવનું આયોજન કરાયું છે.



ગાંધીનગરના દિવાળીના પર્વનો ઉલ્લાસભેર પ્રારંભ થઈ ચુક્યો છે અને આ પર્વમાં જરૂરિયાતમંદોના બાળકો પણ ઉજવણીમાં પાછા ના રહી જાય તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હેઠળની કંપની ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડના કર્મચારીઓએ પ્રસંશનીય પગલું ભર્યું છે. આ કંપનીના યુવા કર્મચારીઓએ ફંડ એકઠુ કરી શહેરના ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારના ૬૦થી વધુ બાળકોને દારૂખાનુ-ફટાકડાનું વિતરણ કર્યું હતું.



## દિવાળીના કોડિયાં બનાવતા માટીમાં રમવા પણ મળ્યું

દરેક તહેવાર કંઈક નવુ શિખવે છે અને એટલે જ શાળાઓમાં બાળકોને પુસ્તકિયા અભ્યાસ ઉપરાંતની આવડત વિકસે તે હેતુથી વિવિધ તહેવારોને અનુલક્ષીને રચનાત્મક પ્રવૃત્તિઓ કરાવવાનું ચલણ વધતુ જાય છે. હવે આ પ્રકારની 'એક્ટિવિટીઝ' માત્ર ખાનગી જ નહી પરંતુ સરકારી શાળાઓમાં પણ હાથ ધરવામાં આવે છે. દિવાળીનું પર્વ ઉજાસનું પર્વ હોઈ તેમાં દિવડાંનું મહત્વ ખૂબ છે. આ બાબતને અનુલક્ષીને શહેરની એક સરકારી પ્રાથમિક શાળામાં બાળકોને માટીના કોડિયાં બનાવવાનું શિખવાડવાની પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. જેમાં બાળકોને માટીમાં રમવા સાથે અવનવા આકારના કોડિયાં બનાવવાની મોજ પડી ગઈ હતી.

## ઉચ્ચ શિક્ષણ સંવર્ગના મહામંડળ સાથે આજે નાયબ મુખ્યમંત્રીની મંત્રણા બેઠક

ગાંધીનગર, તા. ૧૫

ઉચ્ચ શિક્ષણ સંવર્ગોના મહામંડળના આગેવાનો અને સરકાર વચ્ચે આવતીકાલે મળનારી બેઠકમાં અધ્યાપકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે મંત્રણા બેઠક યોજાશે.

આજે ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે ગુજરાત ઉચ્ચ શિક્ષણ સંવર્ગોના મહામંડળના હોદ્દેદારો વચ્ચે આજે એક બેઠક યોજાઈ હતી. જેમાં મંડળે યુજીસીના ધોરણે અધ્યાપકોને સાતમા પગાર પંચનો લાભ જાહેર કરવો, ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં સમાવી લીધેલા સરકારી કોલેજના એડહોક અધ્યાપકોની અગાઉની સેવા પગાર પેન્શન અને રજાનો હેતુ માટે જોડવાની મંજૂરી બાબત, ખંડ સમયના અધ્યાપકોને પુરા પગારની પૂર્ણ સમયના અધ્યાપકો બનાવવા તેમજ તેઓને હાઈકોર્ટના આદેશાનુસાર ચુકાદા અનુસાર પ્રોરેટા પગાર ચૂકવવા અધ્યાપકો સહાયકોને ફાજલનું રક્ષણ આપવા તથા રજા વિષયક લાભો આપવા અને સહાયક સમયગાળાની સેવા સળંગ ગણવા બાબત આપવા કોલેજના વહીવટી કર્મચારીઓને વાહન ભથ્થાનો લાભ આપવા બાબતે સહીતના પાંચ માંગણીઓ રજુ કરવામાં આવી હતી.

શિક્ષણમંત્રી સમક્ષ આજે રજુ કરવામાં આવેલી રજુઆતો બાદ આવતીકાલે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાથે બેઠક યોજાનારી છે. આ બેઠકમાં પડતર માંગણીઓ અંગે કોઈ હકારાત્મક ઉકેલ લાવવામાં આવે તેવી શક્યતા છે.

## એકાત્મ માનવવાદ એ ભાજપનો રાષ્ટ્રીય મહામંત્રી છે જેમાં વિકાસની રાજનીતિના બીજ છે : નિતીન પટેલ

ગાંધીનગર, તા. ૧૫

પંડિત દિનદયાલ ઉપાધ્યાયની એકાત્મ માનવવાદની શીખ એ ભાજપનો રાષ્ટ્રીય મંત્ર છે અને તેથી જ અંત્યોદય સહિતની વિવિધ પ્રજાકલ્યાણકારી યોજનાઓ ઝડપથી અમલમાં આવી છે તેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અમે સૌ કટિબદ્ધ છીએ. પ્રધાનમંત્રીની ઉજવલા યોજના હોય કે જનધન યોજના હોય આ બધી વાતો એટલી ઝડપથી આગળ વધી રહી છે કે વિરોધીઓને તે દેખાતી જ નથી. તેમણે કહ્યુ કે ઉજવલ્લા યોજના અંતર્ગત દેશમાં ત્રણ કરોડ ગેસ જોડાણો આપવામાં આવ્યા છે. ગુજરાતમાં ૧૫ લાખ આવા જોડાણો આપ્યા છે. વચેટિયાઓનું રાજ ખત્મ થઈ ચુક્યુ છે એટલે તેમને આ બધુ દેખાતુ નથી.

તેમણે કહ્યુ કે પંડિતજીનો એકાત્મ માનવવાદ એ સૂચવે છે કે જ્યાં અંધારૂ છે ત્યાં આપણે દીવા પ્રગટાવી ઊજાસનો ઓજસ પાથરીએ. આ પ્રસંગે સાંસદ અને ગુજરાતના પ્રભારી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યુ હતુ કે ગાંધીનગરમાં પંડિતજીની પ્રતિમાના અનાવરણથી ઘણા બધા નવા વિચારો પ્રાપ્ત થશે. તેમણે કહ્યુ પાટનગરમાં તેમની પ્રતિમાની ખોટ હતી તે આજે ગુડા દ્વારા પુરી કરવામાં આવી છે. આ પ્રતિમા માટેના સ્થળની પસંદગી પણ યોગ્ય હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે અહિ સિવિલ સેકટર, રેસીડેન્સીયલ ઝોન, એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ અને કોમર્શીયલ વિસ્તાર પણ સારો વિકાસ પામ્યો છે. જે બધાને એકાત્મ માનવવાદનો સંદેશ આ સ્થળેથી ઉપલબ્ધ થશે.

પ્રારંભમાં ગુડાના ચેરમેન આશિષ દવેએ સ્વાગત પ્રવચનમાં વિકાસની વાતોનો ઉલ્લેખ કરી ગુડાએ લીધેલાં પગલાંની જાણકારી આપી હતી. તેમણે પંડિત દિનદયાલ ઉપાધ્યાય વિશે પણ કેટલીક મહત્વની વાતો કરી હતી તેમના એકાત્મ માનવવાદના વિચારને લઈ સર્કલનું નામ તેમજ કુડાસણ-સરગાસણ માર્ગનુંનામાભિધાન કરવાની વાત પણ કરી હતી.

## આજે શહેરના યુવાનો જરૂરિયાતમંદોને વસ્ત્રો-મિઠાઈનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં સેવાભાવી યુવાનોની સંસ્થાઓ ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી યુથ કલબ, આપણું ફાઉન્ડેશન, સ્કાય ગૃપ તથા હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા દિવાળી પર્વે જરૂરિયાત મંદ વર્ગના શ્રમજીવીઓના ચહેરા પર સ્મિત રેલાવવાના હેતુથી હાથ ધરાયેલા 'પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સ'ને અત્યંત પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો છે. આ પ્રોજેકટમાં નગરજનોએ યુવાનોની સેવા પ્રવૃત્તિને બિરદાવવાની સાથે સાથે વસ્ત્રોના દાનનો વરસાદ વરસાવ્યો છે.

દિવાળીમાં જૂના વસ્ત્રોને પ્યાલા બરણીવાળાને આપી દેવા કે ફેંકી દેવાને બદલે ગાંધીનગરના રહીશોને 'પ્રોજેકટ સ્પ્રેડિંગ સ્માઈલ્સ'માં દાન કરવાનું વધુ મુનાસિબ લાગ્યું છે. જેના કારણે આ પ્રોજેકટમાં વસ્ત્રોનો મોટો ડુંગર ખડકાઈ જવા પામ્યો છે. વળી સોશ્યલ મિડિયાના પ્રચારને કારણે દૂરદરાજના ડીસા જેવા સેન્ટર સહિત બહારગામથી પણ વસ્ત્રો તથા આર્થિક દાન પ્રાપ્ત થયું છે. આ કારણે યુવાનોએ તેમના પ્રોજેકટનું સ્ટોરેજ સેન્ટર પણ બદલીને 'યુથ હોસ્ટેલ' રાખવું પડયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧૬મીએ સોમવારે આ તમામ સંસ્થાના યુવા સ્વયંસેવકો શહેરના વિવિધ વિસ્તારની ઝુંપડપટ્ટીમાં અલગ ટીમ બનાવીને ફરશે અને જરૂરિયાતમંદોને વસ્ત્રો તથા મિઠાઈ-ફરસાણનું વિતરણ કરી તહેવારની ખુશી વહેંચવા પ્રયાસ કરશે.



## મત્સ્યોદ્યોગ કેન્દ્રીય સહકારી સંસ્થામાં ભરતી સામે રોષ

ગુજરાત મત્સ્યોદ્યોગ કેન્દ્રીય સહકારી સંસ્થા લિમિટેડમાં ભરતી અંગે આરટીઆઈ હેઠળ મેળવાયેલી માહિતીમાં સંસ્થાના સંબંધિત સત્તાવાળાઓ તરફથી બે અલગ-અલગ અને વિરોધાભાસી જવાબો અપાતાં ભારે વિવાદ સર્જાયો છે. ગુજરાત જન ચેતના પાર્ટીના પ્રદેશ મીડિયા કન્વીનર રસિકભાઈ ચાવડા દ્વારા આરટીઆઈ હેઠળ મેળવાયેલી માહિતીમાં આ ખુલાસો થયો હતો, જેને પગલે તેમણે જીએફસીસીએલિની સમગ્ર ભરતી પ્રક્રિયાની તપાસની માંગણી કરી છે. એક તરફથી ગુજરાતના યુવાનોને રોજગારી મળતી નથી અને બીજીબાજુ, આ પ્રકારે ભરતી પ્રક્રિયામાં ગંભીર ગોટાળા ચાલે છે ત્યારે તેની તપાસ કરી કસૂરવારો સામે કાનૂની રાહે સરકારે પગલા ભરવા જોઈએ. ગુજરાત જન ચેતના પાર્ટીના પ્રદેશ મીડિયા કન્વીનર રસિકભાઈ ચાવડાએ ગુજરાત મત્સ્યોદ્યોગ કેન્દ્રીય સહકારી સંસ્થા લિમિટેડમાં ભરતી પ્રક્રિયાની વિગત અને તમામ વ્યકિતના ડોકયુમેન્ટ સહિતની માહિતી માહિતી અધિકારના કાયદા હેઠળ માંગ્યા હતા. જેના અનુસંધાનમાં ગુજરાત મત્સ્યોદ્યોગ કેન્દ્રીય સહકારી સંસ્થા લિમિટેડના જાહેર માહિતી અધિકારી દ્વારા સંસ્થામાં જાન્યુઆરી-૧૦થી ઓગસ્ટ-૧૬ સુધીમાં ત્રણ કર્મચારીની ભરતી કરવામાં આવી હોવાનો જવાબ આપી તેના નામો સાથેની માહિતી જાહેર કરાઈ.

# રાજસ્થાન ફરવા જાવ છો - સંભાળજો, પોલીસ લૂંટારૂં બની છે : ૫ થી ૧૦ હજાર પડાવી રહી છે

'પધારો મ્હારે દેશ...' આ આપણા પાડોશી રાજસ્થાનનું ટુરિસ્ટને આકર્ષવાનું સૂત્ર છે. રાજવી સ્ટેટમાં ગુજરાતી પ્રવાસીઓ મોટાપ્રમાણમાં જતા હોય છે પરંતુ આ વખતે દિવાળીમાં ગુજરાતી પ્રવાસીઓને લૂંટવાનો પરવાનો રાજસ્થાન પોલીસે મેળવ્યો છે. ય્ન નંબરપ્લેટની ૧૦ પૈકી ચાર ગાડીઓના ટુરિસ્ટ ઉદેપુરમાં પોલીસના હાથે લૂંટાઈ રહ્યાં છે. પોલીસની મોડસ ઓપરેન્ડી પણ અજીબ છે. પાવતીની જગ્યાએ તેની હથેળીમાં ૧૦,૦૦૦ અને ૫૦૦૦ રૂપિયા લખીને બતાવે છે અને પછી આનાકાની થાય એટલે ગાડી જપ્ત કરવાની ધમકી આપે છે, છેવટે ૩૦૦૦ હજારમાં તોડપાણી થાય છે. રાજવી પરિવારોથી શોભી ઉઠતા રાજસ્થાનમાં તહેવારોના સમયમાં ગુજરાતી પ્રવાસીઓને લૂંટવાનો આ મસ્ત કારસો છે. તમે ઉદયપુર પોલીસ વોટ્સઅપમાં મેસેજ કરો કે હેલ્પલાઈન પર મદદ માંગો ત્યારે જવાબની કોઈ અપેક્ષા રાખશો નહીં. એક મહિલા મુખ્યમંત્રી વસુંધરા રાજેના શાસનમાં ગુજરાતી મહેમાનોની આગતા-સ્વાગતા ખૂબ સારી રીતે થઈ રહી છે...

### સરકાર 'નાયક' બની : પાંચ વર્ષમાં કરવાની જાહેરાતો માત્ર એક મહિનામાં પૂરી

**● કલ કરે સો આજ, આજ કરે સો અભી...**

કાલે જે કરવાનું છે તે આજે કરો અને આજે કરવાનું છે તે અત્યારે કરો તો તમારો બેડો પાર થઈ શકે છે. રાજકીય નેતાઓ જો આ વાક્યને સમજી શકે તો તેમનો પણ બેડો પાર થઈ જાય છે. એક વખત ચૂંટાયા પછી સાડા ચાર વર્ષે દર્શન આપતા પ્રજાના પ્રતિનિધિ ચોક્કસ ઘરભેગા થઈ જાય છે પરંતુ જો તેમણે પાંચ વર્ષ સુધી મતદારો સાથે સબંધ બનાવી રાખ્યો હોય તો તેમને વિજયી થવા માટે કોઈ વિઘ્ન આડે આવતા નથી. ગુજરાતની જનતા સ્માર્ટફોન વાપરીને સ્માર્ટ બની રહી છે. લોભામણી લાલચો તેમને ગમતી નથી. ખોટા વાયદાથી તેઓ ખફા હોય છે. ગુજરાત સરકારે ચૂંટણીની આચાર સંહિતા પહેલાં એટલી બધી જાહેરાતો કરી દીધી છે કે જે સરકાર પ્રત્યેક મહિને પણ કરી શકતી હોય છે. જે પહેલાં કરવાનું હતું તે અત્યારે કરવાનો કોઈ મતલબ નથી. જનતા બધું સમજે છે પણ નેતા સમજતા નથી. મતદારો સમજે છે પરંતુ પ્રતિનિધિ સમજતા નથી...

**● કોંગ્રેસના વરરાજા તૈયાર છે પણ જાનૈયા નથી...**

કોંગ્રેસમાં ચૂંટણી લડવા માટે ઉમેદવારો તૈયાર છે પરંતુ તેમને જાનૈયા મળતા નથી. ભાજપ માટે આ મુશ્કેલી નથી, કારણ કે ભાજપમાં જાનૈયા તરીકે વહીવટી તંત્રના રખેવાળો જાનમાં જોડાતા હોય છે. કોંગ્રેસના નસીબમાં આ કૌવત આવ્યું નથી. કોંગ્રેસે ગુજરાતમાં ૩૫ વર્ષ સુધી શાસન કર્યું છે પણ વહીવટી તંત્રનો અસરકારક ઉપયોગ ચૂંટણીમાં ક્યારેય કર્યો હોય તેવું સાંભળવામાં આવતું નથી. બીજી તરફ ગુજરાતમાં વિધાનસભાની ત્રણ અને લોકસભાની એક ચૂંટણીમાં ભાજપની સરકાર પાસે સંગઠન પાંખનો તાલમેલ ઓછો હતો પણ વહીવટી તાલમેલ વધુ હતો તેથી ભાજપને વિજયમાં વધારે તકલીફ પડી ન હતી. કોંગ્રેસ ૧૮૨ બેઠકોમાં ઉમેદવારો ઉભા રાખવા તૈયાર છે. ઉમેદવારોની સંખ્યા ૧૦૦૦ને પાર છે પરંતુ ઉમેદવારની જાનમાં જોડાવા માટે જાનૈયા (કાર્યકરો) ની અછત છે.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**● ઓફિસરની ટ્રાન્સફર થાય છે પરંતુ ફાઇલની નહીં...**

ભાજપની સરકારે વહીવટી તંત્રમાં એટલી બધી બદલીઓ કરી છે કે ૨૦૧૭માં સરકારના જીએડી વિભાગે બહાર પાડેલી ટેલીફોન ડિરેક્ટરીમાં નામ પણ બદલાઈ ચૂક્યાં છે. ચૂંટણી આવતા સુધીમાં સરકારે ઓછામાં ઓછા ૨૦૦૦ કર્મયોગીની બદલીઓ કરી છે. સરકારના ૩૫ ટકા અધિકારીઓ તેમજ કર્મચારીઓ બદલાઈ ચૂક્યાં છે. આટલો મોટો ફેરફાર છતાં ટેલિફોન ડિરેક્ટરી લેવા માટે પડાપડી થાય છે. બદલીની રામાયણ એવી છે કે એક વખત કોઈ ઓફિસરની બદલી થાય તે પછી તેને તે વિભાગમાં સેટ થતાં ઓછામાં ઓછા ૩૦ દિવસની જરૂર પડે છે. એ જ્યારે વિભાગની કાર્યવાહી સમજે તે પહેલાં તેમની બીજા વિભાગમાં બદલી થઈ ચૂકી હોય છે, પછી આપણે કેવી રીતે કહીએ કે વહીવટી તંત્રએ ગુજરાતનો વિકાસ કર્યો છે. અધિકારી અને કર્મચારી બદલાય છે, પરંતુ ફાઈલોની ટ્રાન્સફર થઈ શકતી નથી.

### સરકારે એટલી બદલીઓ કરી કે ૨૦૧૭ની ટેલિફોન ડિરેક્ટરી બદલાઇ ચૂકી છે

**● યુદ્ધમાં અર્જુનના સારથી શસ્ત્ર ઉઠાવશે નહીં...**

ગુજરાતમાં ૧૬ વર્ષમાં પહેલીવાર એવું છે કે નરેન્દ્ર મોદી સીધી રીતે વિધાનસભાની ચૂંટણીમાં સંકળાયેલા નથી પરંતુ તેમના નામે મતો લેવાની પ્રથા ચાલુ રહી છે. મોદી કેન્ડિડેટ પણ નથી અને મુખ્યમંત્રી પણ થવાના નથી ત્યારે ભાજપને વધારે મહેનત કરવી પડે તેમ છે. કારણ કે અત્યાર સુધી ભાજપને મળેલા મતોનો શ્રેય એકમાત્ર નરેન્દ્ર મોદીને જાય છે. તેમની ચૂંટણી સ્ટેટેજીને વિરોધીઓ પણ સલામ કરે છે. મોદીની કોપી કરનારા નેતાઓ આ દેશમાં વધતા જાય છે પરંતુ કોપી કરનારા સત્તામાં આવી શકતા નથી. ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપને વિજય અપાવવો હોય તો મોદીની આવશ્યકતા છે. આ ચૂંટણી પણ મોદીના નામે લખવામાં આવી છે. ભાજપના તારણહાર બનીને તેઓ ગુજરાતના ચૂંટણી દંગલમાં જોડાવાના છે. શસ્ત્ર જાતે ઉપાડવાના નથી પણ શસ્ત્ર કેવી રીતે ઉઠાવવું તેની સમજ ગુજરાતના લોકોને આપી રહ્યાં છે. હાલ તો આ દંગલમાં અર્જુનના રોલમાં વિજય રૂપાણી છે અને મોદી તેમના સારથી છે.

**● રાજ્યમાં બહેન વિના ભાઇની જીત અધુરી છે...**

ગુજરાતમાં પાટીદાર આંદોલનના સમયમાં આનંદીબહેન પટેલ વિના ભાજપની જીત અધુરી છે. પાટીદારોના મતો મેળવવા માટે બહેનની સક્રિય રાજકારણમાં જરૂર છે પરંતુ બહેને સાફ શબ્દોમાં કહી દીધું છે કે હું ઘાટલોડીયાની ચૂંટણી લડવાની નથી. તેમણે કહ્યું છે કે- મારા જેવા વરિષ્ઠ નેતાને બદલે યુવા નેતાને ટીકીટ આપી આગળ કરવાની જરૂર છે. ભાજપના એમપી સુબ્રમણ્યમ સ્વામીએ તો કહી દીધું છે કે- ગુજરાતમાં મુખ્યમંત્રીનો લોકપ્રિય ચેહરો એ આનંદીબહેન પટેલ છે. આ વિધાનની પ્રદેશ એકમમાં ચોટદાર અસર થઈ છે. સરકાર સાથે સમાધાન થયા પછી હાર્દિક પટેલ અને યુવા પાટીદારોએ મન મક્કમ બનાવ્યું હોય તેમ લાગે છે, કારણ કે હાર્દિક હૈ કી માનતા નહીં... હવે જો આનંદીબહેન પટેલને નારાજ કરવામાં આવે તો ગુજરાતના પાટીદારો નારાજ થઈ જાય તેમ છે. તેથી જ હાઈકમાન્ડના આદેશ પ્રમાણે ગુજરાત સરકાર કોઈપણ કાર્યક્રમ કે ઉત્સવ ઉજવે તેમાં આનંદીબહેનને માનભેર સ્થાન આપવું પડે છે. આશ્ચર્યજનક રીતે હવે ભાજપની સિદ્ધિગાથામાં કેશુભાઈ પટેલના ૧૯૯૫ના શાસનને પણ વધારે મહત્વ આપવામાં આવી રહ્યું છે.

### એક કન્યા માટે કોંગ્રેસમાં વરરાજાની ફોજ ઉભી છે પરંતુ જાનૈયા મળતા નથી

**● પછી હેપ્પીનેસ ક્યાંથી જીડીપી બની શકે...**

આપણે ત્યાં વેપારી અને ગ્રાહક વચ્ચે લેણ-દેણનો હિસાબ બરાબર હોય છે તેમ પોલિટીકલ પાર્ટી કે જેઓ સરકારને હેન્ડલ કરે છે તેમાં પણ હિસાબ બરાબર હોવો જોઈએ. સરકાર દરવર્ષે બજેટ બનાવે છે તેમાં જમા-ઉધાર સરખાં હોવા જોઈએ- જો ઉધાર વધારે હોય તો સરકાર ચલાવવામાં તકલીફ પડે છે. આજે ભારતનું પ્રત્યેક પરિવાર તેના બે છેડા ભેગા કરવા મથી રહ્યું છે. બેન્કો હવાલદાર બની છે. લોન બાકી હોય તો મેસેજના મારા ચલાવીને પઠાણી ઉઘરાણી કરે છે પરંતુ વિજય માલ્યા જેવા માલેતુજારોનો વાળ પણ વાંકો કરી શકતી નથી. બેન્કો સમતોલપણું ખોઈ રહી છે. આપણે તો બેન્કોમાં મિનિમમ બેલેન્સ પણ રાખી શકતા નથી. કેન્દ્ર અને રાજ્યના સબંધોમાં પણ આવું જ છે. રાજ્ય પાસેથી જેટલું કેન્દ્ર લેતી હોય છે તેટલું રાજ્યને વિકાસ માટે પાછું આપવું પડે છે. પરંતુ અહીં તો ૭૫ વર્સિસ ૨૫ ટકા છે. ૧૦૦ ટકા લઈને ૨૫ ટકા પાછું આપે છે. આ છે આપણી નબળાઇ, પછી ક્યાંથી હેપ્પીનેસને આપણે જીડીપી બનાવી શકીએ...